


ગાંધીધામમાં ખાનગી તાલીમી લાયસન્સ કેન્દ્રના ઉદ્દઘાટન પ્રસંગે મંચસ્થ અગ્રણીઓ તસવીરમાં નજરે પડે છે.

# પરિવહન ઉદ્યોગ દેશની જીવનરેખા

## રાજ્યમંત્રીના હસ્તે ગાંધીધામમાં ખાનગી તાલીમી લાયસન્સ કેન્દ્રનો વિધિવત્ પ્રારંભ થયો

ગાંધીધામ, તા. ૫ : તાલીમી લાયસન્સ રજિસ્ટ્રેશન અને ડ્રાઈવર તાલીમ કેન્દ્રના ઉદ્દઘાટન પ્રસંગે આજે અહીં યોજાયેલા કાર્યક્રમમાં પરિવહન ઉદ્યોગને દેશની જીવનરેખા તથા ડ્રાઈવરને તેનું મૂળ ગણાવી આ સુવિધા ઊભી થવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરાઈ હતી.

રાજ્યમંત્રી વાસણભાઈ આહીરને હસ્તે ઓફિસ નં. ૨૩૧, પ્રથમ માળ, ફ્રેન્ડ્સ સ્ક્વેર, રોટરી સર્કલ પાસે આ કેન્દ્રનો આરંભ કરાયો હતો. વેસ્ટર્ન ઓટોમોબાઈલ એસોસિયેશન દ્વારા શરૂ થયેલા આ કેન્દ્રને ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (ફોકિયા)નો સહયોગ મળ્યો હતો.

ઉદ્દઘાટન બાદ યોજાયેલા કાર્યક્રમમાં અતિથિપદેથી બોલતાં ભુજના ધારાસભ્ય ડો. નીમાબેન આચાર્યે કહ્યું હતું કે, ડ્રાઈવર પરિવહન ઉદ્યોગનો આધારસ્તંભ છે, ત્યારે તેના તરફ ધ્યાન અપાય તે જરૂરી છે. કુશળ ડ્રાઈવર તૈયાર કરવાના આ પ્રોજેક્ટથી કચ્છને ઘણો ફાયદો થશે.

રાજ્યના ટ્રાન્સપોર્ટ કમિશનર આર.એમ. જાદવે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ટ્રાન્સપોર્ટ વિભાગને વિકસાવવા કટિબદ્ધ છે. સરકાર માને છે કે આર.ટી.ઓ. કચેરી પાસપોર્ટ કચેરી જેવી હોવી જોઈએ. ગુજરાતમાં માર્ગ અકસ્માત ૧૫ ટકા ઘટ્યા હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

શરૂમાં સેન્ટરની સંચાલક સંસ્થાના નીતિનભાઈ ડોસાએ સૌને આવકાર્યા હતા. અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, અગ્રણી વિમલ ગુજરાલે પ્રાસંગિક ઉદ્દબોધન આપ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન ભાવેશ ભટ્ટ અને આભારવિધિ ફોકિયાના એમ.ડી. ડો. નિમિષભાઈ ફડકેએ કર્યા હતા. આ પ્રસંગે કચ્છના આર.ટી.ઓ. ડી.એચ. જાદવ, કચ્છ ટ્રાન્સપોર્ટ એસો.ના નવઘણભાઈ આહીર, એડિલ કાતરક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આયોજનની વ્યવસ્થા રાધિકા ઠક્કર, જિગર મકવાણા, ચેતન જેઠવા, ભરતભાઈ બારોટ, કિશોરભાઈ બડગાએ સંભાળી હતી.

Scanned by CamScanner